**<u>રે.દિ.મુ ન – ૦૧/૨૦૨૧ ના કામે આંક ૦૫ ની અરજી લગત હુકમ</u>**

(૧) વાદીઓ તથા પ્રતિવાદીઓના વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળી.રેકર્ડ વંચાણે લીધું.

(૨) વાદીની હાલની અરજી પ્રતિવાદીઓ સામે દાવાનો આખરી નિકાલ ના થાય ત્યાં સુધી તકરારી મિલ્કતનું વાદીની પરિશિષ્ટ–અ માં દર્શાવવામાં આવેલી ગુજરાત રાજયનાં જીલ્લા દેવભુમી ધ્વારકા તાલુકાના બેટ ગામે આવેલી જેના જુના રે.સ.નં.૧૨૭ તથા નવા રે.સ.નં.૩૦૫ છે.હે.આરે. ચોમી. ૦–૪૧–૨૬ અને આકાર_૦.૩૫ તેમજ ખાતા નં.૩૦૯ વાળી મિલકત પ્ર તિવાદીઓ જાતે કે કોઈનાં મારફત વાદીઓની ખેતીની જમીનમાં કોઈપણ પ્રકારે દબાણ કરે કરાવે નહી કે આ ખેતીની જમીનમાં જતા રસ્તા ના વાપર ઉપયોગમાં કોઈપણ રીતે અડચણ અટકાયત કરે કરાવે નહી તેવો વચગાળાનો મનાઈહુકમ આપવા નમ્ર અરજ છે.

(૩) વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે શેડયુલ– અ માં જણાવેલ ખેતીની જમીન મુળ વાદી નં. ૧ ના પતિ તથા નં.૨ થી ૪ ના પિતાશ્રી શાંતિલાલ કરશનદાસ રામાવતની માલીકીની આવેલ અને તેના અવશાન પછી વારસાઈ હકકથી વાદીઓ તથા અન્ય એક વારસ ગીતાબેનની સયુંકત માલીકી અને કબ્જા ભોગવટા તળે ચાલતી આવેલ છે. ગીતાબેન પરણીત હોય અને પોરબંદર મુકામે સાસરે છે.વાદીઓની સયુંકત માલીકીનીની આ ખેતીનીજમીન બેટ ગામથી હનુમાન દાંડી તરફ જતા રસ્તાની ડાબી તરફના ભાગે આવેલ છે અને આ ખેતી ની જમીનમાંજવા આવવા માટેનો રસ્તો ગૌચરની જમીનના સઢેથી આવેલ છે પ્રતિવાદીઓના પિતા હસમુખભાઈ દેવજીભાઈ રાઠોડ ના નામની ખેતીની જમીન રે.સર્વે નં.૨૯૭ વાળી હે.આરે.ચો.મી. ૦–૦૫–૯૬ ની આવેલ છે તે જમીનનીબાજુ રે.સર્વે નં.૨૯૬ તથા રે.સર્વે નં. ૨૯૮ વાળી ગૌચરની જમીન આવેલ છે તે બાદ ગામથી હનુમાન દાંડી તરફ જતો રસ્તો આવેલ છે તેમની ખેતીની જમીનમાં રોડથી જવા માટે રે.સર્વે નં. ૨૯૬ તથા ૨૯૮ ના સઢેથી આવવા જવાનો વર્ષો જુનો રસ્તો છે.હાલ બેટ મુકામે સીગ્નેચરબ્રીજ બનતો હોય અને બેટને જમીન માર્ગે જોડવાની કામગીરી પુરજીસમાં ચાલું હોય અને તેથી બેટની જમીનો ના ભાવો કુદકે ને ભુશકે વધવા લાગતા આ કામેનાપ્રતિવાદીઓની નીચત બગડતા ગે.કા. રીતે કાયદ હાથમાં લઈ અને આજુબાજુની ગૌચરની જમીન પોતાની જમીન માં ભેળવી લેવાની પેરવીમાં છે.પ્રતિવાદીઓએ કાયદો

હાથમાં લઈ તેમની ખેતીની જમીનમાં જવાનો રસ્તો ખેડી નાખી અને આજુબાજુની ગૌચરની જમીન તેની જમીનમાં ભેળવી અને વધારે જગ્યા પર કબ્જો કરી લેવા મેદાને પડેલ છે અને તેના એક ભાગ રૂપે જાન્યુઆરી મહીનાના ૧૦ તારીખના અરસામાં તેઓ જી.સી.બી.મશીન લઈ અને આવેલ તેમની જમીનના સેઢે કાંટાની વાળ હતી તે ખસેડીફ અને પાકી વંડી બનાવી તેમની જમીનમાં પેસકદમી કરવાની પેરવી કરતા તેઓએ તા.૧૨/૦૧/૨૦૨૧ ના રોજ આ કામનાં પ્ર તિવાદીઓ સામે તમામ આધાર પુરાવા સાથે વાદી નં. ૨ નાએ પોલીસ ફરીયાદ આપેલ હતી તે કામે પોલીસે પ્રતિવાદીઓ સામે પગલાં ભરવાને બદલે પ્રતિવાદીઓ પાસેથી તેમના વિરુધ્ધ ફરીયાદ લઈ તેઓ વાદી સામે સી. આર.પી.સી. કલમ–૧૫૧ અન્વયે અટકાયતી પગલાં ભરેલ અને પ્રતિવાદીઓને ગૌચરની જમીન દબાણ કરવા પ્રોત્સાહન પુરૂ પાડેલ.ત્યારબાદ પ્ર તિવાદીઓએ તેમની જમીન પાસે આવી કહેવા લાગેલ કે'' તમે અમારું શું કરી લીધું જોવ તમારી સામે ગૌચરની જમીનનું દબાણ કરેલ સરકારે કે પોલીસે તેઓને શું કર્યુ અને તમો હવે અહીતી નીકળતા નહી નહીંતર તમોનેજાનથી મારી નાખીશું'' આમ કહી જેમ ફાવે તેમ ગાળો આપેલ પ્રતિવાદીઓનું આ અપકૃત્ય ગે.કા. ગેરબંધારણીયઅને વાદીઓના મિલ્કતના હકક પર આક્રમણ કરનામું છે તેથી આ બાબતની પોલીસ ફરીયાદ વાદી નં. ૩ નાએ બેટ પોલીસને આપેલ.આ કામના પ્રતિવાદીઓને ગૌચરની જમીનમાં પેસકદમી કરી દબાણ કરવા અને તેમની જગ્યા પર પેસકદમી કરવા કે વર્ષો જુનો રસ્તો બંધ કરવા પેરવી કરે છે અને પ્ર તિવાદીઓને આમ કરવા કાયદા મુજબ કોઈ હકક અધિકાર કે સત્તા નથી.પ્ર તિવાદીઓએ ગૌચરની જમીન પર કરેલ દબાણ બાબત પગલાં લેવાજવાબદાર અધિકારીઓની જવાબદારી હોવા છતાં અને વાદીઓએ આ બાબત લેખીતમાં જાણ કરેલ હોવા છતાંઆ બાબતે જવાબદાર અધિકારીઓએ પ્રતિવાદીઓ સાથે મીલાપી થઈ તેઓ સામે કોઈ કાર્યવાહી થયેલ ન હોય તેમના માલીકી હકક હીતના રક્ષણાર્થે હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે.

(૪) સદર અરજીના કામે પ્રતિવાદીઓને નોટીસ બજી જતાં તેઓ કોર્ટે રૂબરૂ હાજર આં ક–૨૦ થી લેખિત જવાબ રજુ કરેલ છે તેઓ આંક–૨૦ થી રજુ જવાબ અન્વયે જણાવે છે કે, વાદીઓનો દાવો ખરો, કાયદેસરનો કે શુધ્ધ બુધ્ધિપુર્વકનો ન હોય તેમજ વાદીઓ ચોખ્ખા

હાથે નામ. કોર્ટે સમક્ષ આવેલ ન હોય અને ખરી હકીકત છુપાવેલ હોય તેમજ વાદીઓનો દાવો પ્રોપર ફોર્મમાં ન હોય તેમજ વાદીઓએ કોઈપણ કારણ વગર તદ્દન ખોટી રીતે તેઓને હેરાન કરવા હાલનો દાવો લાવલે હોય તેથી દાવો રદ થવાને પાત્ર છે તેમજ વાદીનો દાવો સી.પી.સી.ની જોગવાઈઓથી વિરુધ્ધનો હોય તેમજ વાદીઓનાં દાવામાં પક્ષકારોની ખામી હોય તેમજ વાદીઓની દાવા અરજીને સમયમર્યાદાનો બાધ નડતો હોય વાદીઓએ બાંધેલ આંક ખરો ન હોય અને ગુજરાત કોર્ટ ફી સ્ટેમ્પ એકટ મુજબના કોર્ટ ફી ભરેલ ન હોય તેથી વાદીઓનો દાવો રદ થવાને પાત્ર છે. ખરી હકીકતે વાદીઓએ જે વચગાળાનો મ.હુ. માંગેલ છે તે લેશમાત્ર પણ વાદીને મળવા પાત્ર નથી કારણ કે વાદી તેમની માલીકીની ખેતીની જમીનમાં કબ્જો ભોગવટો ધરાવે છે અને તેમની જમીનમાં વાદીઓનો કોઈ હાલવા ચાલવાનો રસ્તો આવેલો નથી કે વાદીઓને તેઓએ તેમના ખેતર સિવાયની જગ્યામાં હાલતા ચાલતાં આજે કે અગાવ કયારેય રોકેલ નથી અને વાદીઓ આજે પણ તેમના ખેતરમાં જવા માટે સર્વે નં. ૫૦૭ વાળી જગ્યામાંથી ખુલ્લી રીતે આવ જાવ કરે છે તેથી વાદીઓ વચગાળાનો મ.હુ. મેળવવા હકકદાર થતા નથી તેમજ તેઓની જમીનમાં કોઈ દબાણ કરેલ નથી કે અડચણ કરેલ નથી તેથી વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી. વાદીના કોઈ લીગલ હકો પર તરાપ પડે તેમ નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીઓની તરફેણમાં છે તેમજ ઈરીપેરેબલ લોસ પ્ર તિવાદી ઓને જાય તેમ છે જેથી વાદીઓની વચગાળાની મ.હુ.ની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે તેમજ વાદીએ હાલનો દાવો માત્ર ખોટી હકીકતો ઉભી કરી અને હાલનો ખોટો દાવો કરેલ હોય અને નામ.કોર્ટેમાં ચોખ્ખા હાથે આવેલા ન હોય અને દાવામાં ખોટી હકીકતો જણાવેલી હોય અને દાવો ટકવા પાત્ર ન હોય કે વાદીની દાવા અરજીની કે વચગાળાની દાવા અરજીની કોઈપણ દાદ મંજુર થવા પાત્ર ન હોય વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અને ખાસ ખર્ચ અપાવવા નમ્ર અરજ છે.

(૫) આ કામે પક્ષકારોએ નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>-: વાદી તરફે દસ્તાવેજી પુરાવો:-</u>**

| **ક્રમ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | રે.સર્વે નં.૩૦૫ નો ગામ નમુનો નં.૭ | માર્ક–૩/૧ |
| ૨. | રે.સર્વે નં.૩૦૬ નો ગામ નમુનો નં.૭ | માર્ક–૩/૨ |
| ૩. | રે.સર્વે નં.૨૯૮ નો ગામ નમુનો નં.૭ | માર્ક–૩/૩ |
| ૪. | રે.સર્વે નં.૨૯૭ નો ગામ નમુનો નં.૭ | માર્ક–૩/૪ |
| ૫. | રે.સર્વે નં.૨૯૬ નો ગામ નમુનો નં.૭ | માર્ક–૩/૫ |
| ૬ . | રે.સર્વે નં.૨૯૯ નો ગામ નમુનો નં.૭ | માર્ક–૩/૬ |
| ૭. | રે.સર્વે નં.૩૦૪ નો ગામ નમુનો નં.૭ | માર્ક–૩/ ૭ |
| ૮. | ફરીયાદ તથા ફરીયાદની નકલ | માર્ક–૩/૮ થી માર્ક–૩/૧૦ |
| ૯ . | વાદી તરફે ચંદ્રકાંત શાતીલાલ રામાવતનું કાઉન્ટર એફીડેવીટ | આંક–૨૨ |
| ૧૦ . | વાદી તરફે જયશ્રીબેન ડો.ઓ.શાંતિલાલ રામાવતનું કાઉન્ટર એફીડેવીટ | આંક–૨૩ |

(૬) આ કામે કોર્ટ કમીશ્નર આંક ૧૮ થી પંચરોજકામ તથા આંક ૧૯ થી નક્શો રજુ થયેલ છે તે ધ્યાને લીધેલ તથા ડી.આઇ.એલ આર તરફથી કોર્ટ કમીશ્નર બાબતે રિપોર્ટ આંક ૨૬ થી તથા નકશો માર્ક ૨૬/૨ થી તથા ખર્ચ પત્રક ૨૬/૨ થી રજુ થયેલ છે જે ધ્યાને લેવામા આવેલ છે .

**–: પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવો:–**

| | | |
|---|---|---|
| ૧. | રે.સર્વે નં.૨૯૭ નો ગામ નમુનો નં.૭ | માર્ક–૨૧/૧ |
| ૨. | ગામ નમુનો નં.૮–અ(જમીનની ખાતાવહી) | માર્ક–૨૧/૨ |
| ૩. | રે.સર્વે નં.૨૯૭ નો ગામ નમુનો નં.૧૨ | માર્ક–૨૧/૩/૧ થી ૩/૬ |
| ૪. | ગામ નમુનો નં.૬– હક પત્રક | માર્ક–૨૧/૪/૧ થી ૪/૧૧ |
| ૫. | હસમુખભાઈનો મરણનો દાખલો | માર્ક–૨૧/૫ |
| ૬. | નકશો | માર્ક–૨૧/૬ |

૭. ગણોતધારાની કલમ–૪૩ મુજબ પ્રિમિયમ ભરવાની મંજૂરી મેળવવાની અરજી. માર્ક–૨૧/૭

૮. ઓનલાઈન પેમેન્ટની ડીઈટેલ માર્ક–૨૧/૮

( ૭ ) પક્ષકારોના જવાબ અને અરજીની હકીકત જોતાં નીચે મુજબનાં નિર્ણય માટેનાં મુદ્દાઓ કોર્ટે સમક્ષ ઉપસ્થિત થયેલ છે.

૧. શુ વાદી હાલની અરજી મા માગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?

૨ . શું હુકમ ?

( ૮ ) બંને પક્ષકારોના અરજીની અને જવાબ હકીકત જોતાં મુદ્દા પરત્વે નીચે મુજબનાં નિર્ણય આપવામા આવે છે .

**૧.** નકારમા .

**૨.** આખરી હુકમ મુજબ.

( ૯) આ કામે વાદી તરફે વિ.શ્રી આર.સી ભાયાણી ની દલીલો સાંભળવામા આવેલ છે તેઓ એ હાલની અરજી મુજબની તથા રજુ દસ્તાવેજ મુજબ ની વિગતવાર દલીલ કરેલ છે અને માંગ્યા મુજબ ની દાદ મેળવવા અરજ ગુજારેલ છે પ્રતીવાદી તરફે આંક ૨૫ થી લેખીત દલીલ રજુ કરવામા આવેલ છે જે વંચાણેં લેવામા આવેલ છે બંન્ને પક્ષો ની રજુઆતો તથા તમામ હકિકતો ધ્યાને લેતા વાદીએ માગ્યા મુજબની દાદ મેળવવા માટે કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાતો મુજબ પ્રાયમાફેસી કેસ ,બેલેન્સ ઓફ કનવીનીયન્સ અને ઈરરીપેરેબલ લોસ ના પરિબળો પોતાના પક્ષ મા પુરવાર કરવાનુ રહે છે પરંતુ સર્વપ્રથમ વાદીએ પોતાનુ પ્રાયમાફેસી કેસ પુરવાર કરવાનુ રહે છે હવે વાદીએ હાલનો દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઈહુકમ મેળવવા બાબતનો કરવામા આવેલ છે વાદીએ હાલની અરજી મા પ્રતીવાદી તેમની ખેતી ની જમીન મા દબાણ કરે કરાવે નહી અને આ ખેતી ની જમીન માજતા રસ્તા ના વાપર ઉપયોગ મા કોઈ પણ રીતે અડચણ અટકાયત કરે કરાવે નહી તે બાબત ની દાદ માગેલ છે હવે વાદીએ તેઓની હાલની અરજી મા કે દાવા અરજી મા પ્રતીવાદીઓ એ કોઈ દબાણ કરેલ છે તે માપ સહિત દર્શાવેલ નથી ચોક્કસ દબાણ હટાવવા બાબત નો વાદી નો દાવો નથી તેમજ જમીનમા રસ્તા નો માપ શુ છે તેની લંબાઈ પહોળાઈ કેટલી છે અને તે વાદી ના ચોક્કસ કયા સર્વે નંબર મા

આવેલ છે તે બાબત સ્પષ્ટતા નથી .વાદીએ જણાવેલ છે કે અમારી ખેતીની જમીન મા રોડથી જવા માટે રે.સર્વે ૨૯૬ તથા ૨૯૮ ના સેઢેથી આવવા જવાનો વર્ષો જુનો રસ્તો છે અને વધુ મા જણાવેલ છે કે પ્રતિવાદીઓએ કાયદો હાથ મા લઇ તેઓની ખેતીની જમીન મા જવાનો રસ્તો ખેડી નાખી અને આજુબાજુ ની ગૌચર જમીન તેમની જમીન મા ભેળવી અને વધારે જગ્યા પર કબ્જો કરી લેવા મેદાને પડેલ છે આમ આ દાવામા વાદીએ પ્રતીવાદી ગોચર ની જમીન મા દબાણ કરવાની પેરવી કરી રહયા હોવાની જણાવેલ છે પરંતુ પંચાયત ને કે સરકાર ને પક્ષકાર તરીકે જોડીને હાલનો દાવો કરવામા આવેલ નથી હવે વાદી તેમની ખેતીની જમીન મા તથા સદરહુ જંમીન મા જવાના રસ્તા મા દબાણ કરવાની કોશિષ પ્રતીવાદી કરી રહેલ હોવાનુ જણાવેલ  છે પરંતુ સદરહુ બાબતે પ્રતીવાદી તેમના દાવા જવાબ મા ઈનકાર કરેલ છે હવે સદરહુ બાબત હાલના તબક્કે પુરાવા લીધા સિવાય નક્કી કરી શકાય નહી આમ દાવાની તમામ હકિકતો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા વાદી પ્રાયમાફેસી કેસ તેઓની તરફેણ મા પુરવાર કરવામા સફળ રહેલાનુ જણાઇ આવતા નથી અને સદહુ સંજોગો મા બેલેન્સ ઓફ કનવીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસ ના પરિબળો ની ચર્ચા કરવાની જરૂર રહેતી નથી આમ તમામ હકિકતો ધ્યાને લેતા વાદી મુદ્દા નં ૦૧ પુરવાર કરવામા સફળ રહેલા નુ જણાઇ આવતા નથી જેથી મુદ્દા નંબર ૦૧ નો જવાબ નકાર મા આપી મુદ્દા નંબર ૦૨ પરત્વે નીચે મુજબ નો હુકમ કરવામા આવે છે

**<u>::: હુકમ :::</u>**

**૧.** વાદીની આંક–૫ ની અરજી  નામંજુર કરવામા આવે છે.

**૨.** ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરશે.

હુકમ  આજરોજ  તા ૨૪ મી માહે ઓકટોબર સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા: . ૨૪ / ૧૦ /૨૦૨૪
સ્થળ.ઓખામંડળ.

**(પંકજકુમાર શ્રીકૃષ્ણમુરારી રાય)**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઓખામંડળ.
(જજ કોડ નં.જીજે–૦૧૪૫૦)